ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગરના સ્વરોજગારલક્ષી તાલીમ કાર્યક્રમોમાં સુધારા બાબત.

ગુજરાત સરકાર

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

ઠરાવ ક્રમાંકઃIMD/WRT/e-file/9/2022/2796/KH1

સચિવાલય, ગાંધીનગર.

તા. /૦૮/૨૦૨૪.

**વંચાણે લીધા:**

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા.૧૫/૦૧/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: જીએમકે/૧૦૨૦૨૦/૮૧૩/ખ૧.

(૨) ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા.૦૮/૦૩/૨૦૨૧નોનો ઠરાવ ક્રમાંક: જીએમકે/૧૦૨૦૨૦/૮૧૩/ખ૧

(૩) ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા.૨૦/૦૧/૨૦૨૪નોનો ઠરાવ ક્રમાંક: જીએમકે/૧૦૨૦૨૦/૮૧૩/ખ૧

( ૪) ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન,ગાંધીનગર તરફથી તા.૩૧/૦૭/૨૦૨૪ ના પત્ર ક્રમાંક.GMKARTI/GCVT/e-file/350/2023/0537/Budget/૫૦૭ થી મળેલ દરખાસ્ત.

**<u>આમુખ:</u>**

વંચાણે લીધેલ ક્રમાંક (૧), (૨) અને (૩)માં દર્શાવેલ ઠરાવથી ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગરના સ્વરોજગારલક્ષી તાલીમ કાર્યક્રમોની કાર્યપદ્ધતિ અને ધારા-ધોરણો નિયત કરવામાં આવેલ છે. જેમાં કેટલાક સુધારાઓ કરવા/કેટલીક વિગતો ઉમેરવા વંચાણે લીધેલ ક્રમાંક (૪) થી ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન,ગાંધીનગર દ્વારા દરખાસ્ત કરેલ. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ:</u>**

ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાનની ઉકત દરખાસ્ત પરત્વે વિચારણાના અંતે વિભાગના તા.૧૫/૦૧/૨૦૨૧ ના ઠરાવના ક્રમ (૧) થી (૧૩) મુજબના તાલીમ કાર્યક્રમમાંથી ક્રમ (૭)માં દર્શાવેલ કુદરતી રેસા આર્ટીકલ્સ અને પગલૂછણિયા તાલીમ કાર્યક્રમ બંધ કરવામાં આવે છે. તથા તા.૧૫/૦૧/૨૦૨૧ના આમુખમાં દર્શાવેલ ક્રમ (૧) થી (૧૩) તથા તા.૨૦/૦૧/૨૦૨૪ના ઠરાવના આમુખમાં દર્શાવેલ ક્રમ (૧૪) થી (૧૬) ઉપરાંત નીચે મુજબના વધુ ૧ કાર્યક્રમનો સમાવેશ કરવામાં આવે છે.

| ક્રમ | તાલીમ કાર્યક્રમ | તાલીમનો સમયગાળો |
|---|---|---|
| ૧૭ | પતંગ બનાવટ તાલીમ કાર્યક્રમ | ૩૦ દિવસ |

ઉપરાંત, વિભાગના તા.૧૫/૦૧/૨૦૨૧, તા.૦૮/૦૩/૨૦૨૧ અને તા.૨૦/૦૧/૨૦૨૪ના ઠરાવમાં શરત ક્રમાંક (૧૩) થી નીચે મુજબની શરત ઉમેરવામાં આવે છે.

- સમાજ સુધારણા અને વંચિતોના સામાજિક ઉત્થાન માટે ખાસ કરીને જેલોના કેદીઓ તથા દિવ્યાંગો, વિધવા, નિરાધાર મહિલાઓ, રેગ પીકર્સ, વિચરતી જાતિ વગેરે માટે યોજવામાં આવતા તાલીમ કાર્યક્રમમાં તાલીમાર્થીઓની તાલીમમાં ઉંમરની વય મર્યાદાની હાલની જોગવાઇ ૧૮ થી ૪૫ વર્ષની વયજુથમાં ખાસ કિસ્સા તરીકે છૂટ આપી ૬૫ વર્ષ સુધીના લાભાર્થીઓનો સમાવેશ કરી શકાશે.

વિભાગના તા.૧૫/૦૧/૨૦૨૧, તા.૦૮/૦૩/૨૦૨૧ અને તા.૨૦/૦૧/૨૦૨૪ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવનો અમલ ઠરાવની તારીખથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રી (કુ.ઉ) ની નોંધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(યોગીના જે પટેલ)
ઉપ સચિવ (કુટિર ઉદ્યોગ),
ઉદ્યોગ અને ખાણ વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (કુટિર અને ગ્રામોદ્યોગ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (કુટિર અને ગ્રામોદ્યોગ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી (કુ.ઉ), ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ.
- નિયામકશ્રી , ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવા સારૂ)
- સિલેકટ ફાઇલ .


Open the document in Adobe Acrobat DC to verify the E-sign